Jain Dharma Vikas (Monthly) Regd No. B.4494

# ॐ જૈન ધર્મ વિકાસ

પુસ્તક ૩ જું.] ફાગણ: વીર સંવત ૨૪૬૯. [અંક ૫

No-05?532
20-43-13



તંત્રી:
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક:
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

પંચાંગ.

શુદિ, ૭ બે

વદિ ૬ ક્ષય.

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | સોમ | ૫ |
| ૨ | મંગળ | ૬ |
| ૩ | બુધ | ૭ |
| ૪ | ગુરૂ | ૮ |
| ૫ | શુક્ર | ૯ |
| ૬ | શનિ | ૧૦ |
| ૭ | રવિ | ૧૧ |
| ૭ | સોમ | ૧૨ |
| ૮ | મંગળ | ૧૩ |
| ૯ | બુધ | ૧૪ |
| ૧૦ | ગુરૂ | ૧૫ |
| ૧૧ | શુક્ર | ૧૬ |
| ૧૨ | શનિ | ૧૭ |
| ૧૩ | રવિ | ૧૮ |
| ૧૪ | સોમ | ૧૯ |
| ૧૫ | મંગળ | ૨૦ |
| વ૧ | બુધ | ૨૧ |
| ૨ | ગુરૂ | ૨૨ |
| ૩ | શુક્ર | ૨૩ |
| ૪ | શનિ | ૨૪ |
| ૫ | રવિ | ૨૫ |
| ૭ | સોમ | ૨૬ |
| ૮ | મંગળ | ૨૭ |
| ૯ | બુધ | ૨૮ |
| ૧૦ | ગુરૂ | ૨૯ |
| ૧૧ | શુક્ર | ૩૦ |
| ૧૨ | શનિ | ×૧ |
| ૧૩ | રવિ | ૨ |
| ૧૪ | સોમ | ૩ |
| ૦)) | મંગળ | ૪ |
| | ×મે | ૩૦ |

વાર્ષિક લવાજમ.] **વિષય–દર્શન.** [રૂપિયા, ત્રણ.

## ફાગણ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| "ઉરવીણા" | મુનિ હેમેન્દ્રસાગરજી. | ૯૭ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्य श्री जयसिंहसूरिजी.** | ૯૮ |
| સરસ્વતી ગુણ સ્તુતિ. | મુનિ દુર્લભવિજયજી. | ૯૯ |
| **॥ भावकुलकम् ॥** | **जैनाचार्य श्री विजयपद्मसूरिजी.** | ૧૦૦ |
| શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી. | ૧૦૧ |
| "પ્રશ્નોત્તર કલ્પલતા". | જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી. | ૧૦૩ |
| **"श्रीनीतिसूरि अष्टक"** | **मुनिश्री मलयविजयजी.** | ૧૦૬ |
| "ધર્મ્ય વિચાર" | ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી. | ૧૦૭ |
| **शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा.** | **पन्यासश्री प्रमोदविजयजी म. (पन्नालालजी)** | ૧૦૯ |
| પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત. | મુનિશ્રી દક્ષવિજયજી. | ૧૧૦ |
| શ્રી ચૈત્યવંદન ભાષ્યનો છન્દોબદ્ધ ભાષાનુવાદ. | મુનિશ્રી સુશીલવિજયજી. | ૧૧૩ |
| **विश्वासो फलदायकः** | **मुनिश्री भद्रानंदविजयजी.** | ૧૧૫ |
| અંગ્રેજી કાવ્ય | | ૧૧૮ |
| આચાર્ય પદારોપણ. | તંત્રી. | ૧૧૯ |


સુદિ ૩ બુધ, શ્રીકુંથુનાથ કેવલદિન.
સુદિ ૫ શુક્ર, શ્રીઅજીતનાથ, શ્રી સંભવનાથ તથા શ્રી અનંતનાથ મોક્ષ અને રોહિણીદિન.
સુદિ ૭, સોમ, આયંબિલ ઓળી પ્રારંભદિન.
સુદિ ૯ બુધ, શ્રી સુમતિનાથ મોક્ષદિન.
સુદિ ૧૧ શુક્ર, શ્રી ,, કેવલદિન.
સુદિ ૧૩ રવી, મહાવીરસ્વામિ જન્મ (જયંતિ)દિન.
સુદિ ૧૫ મંગળ, શ્રી પદ્મપ્રભુ કેવળ અને આયંબિલ ઓળી સમાપ્તિદિન.

વદિ ૧ બુધ, શ્રી કુંથુનાથ મોક્ષદિન.
વદિ ૨ ગુરૂ, ,, શીતળનાથ ,,
વદિ ૫ રવિ ,, કુંથુનાથ દીક્ષા અને શ્રી શીતળનાથ ચ્યવનદિન.
વદિ ૧૦ ગુરૂ, શ્રી નેમિનાથ મોક્ષદિન.
વદિ ૧૩ રવિ, ,, અનંતનાથ જન્મદિન
વદિ ૧૪ સોમ, શ્રી અનંતનાથ દીક્ષા તથા કેવલ અને શ્રી કુંથુનાથ જન્મદિન

દ્વારાઃ–વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૩ જું. ફાગણ, સં. ૧૯૯૯. અંક ૫ મો.


## ઉરવીણા.

( અંજની ગીત. )

રચયિતાઃ-મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી.

પ્રેમલ રસમય ગુંજન કરતી,
વિવિધ સરોદ અનુપ ઋજુ ધરતી,
વિશ્વ સકલના ગુણગણ રચતી,
ગાયે ઉરવીણા.......૧.

પતિતોમાં શુભ વૃત્તિ ધારૂં,
દૂર કરૂં સૌ મારૂં તારૂં,
વિશ્વ પ્રેમનો મંત્ર પ્રસારૂં,
ગાયે ઉરવીણા........૨.

આત્મામાં પરમાત્મા માની,
સમવૃત્તિ સાચી સન્માની,
થાઉં સેવા માર્ગે દાની,
ગાયે ઉરવીણા........૩.

બ્રહ્મા, વિષ્ણુ, બુદ્ધ, જિનેશ્વર,
એક સ્વરૂપે માનો ઇશ્વર,
આત્મા સાચો; દેહજ, નશ્વર,
ગાયે ઉરવીણા ........૪.

પાપમુક્ત થાઓ સૌ પ્રાણી,
અંતરધારી પ્રભુની વાણી,
"સન્માર્ગે સુખ," હૈયે જાણી,
ગાયે ઉરવીણા........૫.

મિથ્યા મોહ મમત ને ત્યાગો,
સદ્વૃત્તિ અંતરમાં જાગો,
નિર્મોહી પદ પ્રભુથી માગો,
ગાયે ઉરવીણા........૬.

વિશ્વપ્રેમનો મંત્ર ગજાવો,
પામો દિવ્ય અજિતપદ લ્હાવો,
સુખકર પ્રભુના શરણે જાઓ,
ગાયે ઉરવીણા........૭.

ચરણે નમતા સુર, નર, કિન્નર,
દિવ્ય પ્રમોદ ધરે નિજ અંતર,
વીતરાગ જયવંત જિનેશ્વર,
ગાયે ઉરવીણા........૮.

બુદ્ધિ, ઋદ્ધિ, તેના ચરણે,
નિર્મલ ગાન સઘહો શ્રવણે,
મુનિ હેમેન્દ્ર ચરણ યુગ શરણે,
ગાયે ઉરવીણા........૯.

# ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य श्री जयसिंहसूरीजी तरफथी मळेलुं. )
(ગતાંક પૃ० ६४ थी અનુસંધાન)

करत निर्माण महोत्सव भारी, देवन आकर किया सुखारी ।
वज्रनाभ मुनि इत वृतधारी, हुए मुनि संग धरा विहारी ॥
चंद्रक्रांति पा औषधि प्रगटे, तिमि लब्धी मुनि चरणन लिपटे ।
कोटि वेध रस होवत सोना, श्लोम स्पर्श तिमि कोड़ सुहोना ॥
नाक रेंठ की महिमा भारी, नास करे व्याधी दुखकारी ।
अंग मेल सुगंधि आवा, कस्तूरी केशर लजवावा ॥
अणुत्व शक्ति आइ मुनि पासा, महत्व शक्ति सेवाकरआसा ।
लघुत्व गुरुत्व और हे प्राप्ती, प्राकाम्य शशत्व सेव मुनी चीता ॥
अप्रति घाती वशित्व सुहाई, अंतरध्यान रुपत्वहिं आई ।
बीज बुद्धि पदसारिणि लब्धी, मनोबली अरु कोस्टहिं बुद्धी ॥
वाग्काय बली अमृत क्षीरा, मध्वाज्या श्रवी रहती तीरा ।
महाल सीनय श्रोत सभीना, विद्याचरण आसि विस लिना ॥
पर उपयोग न करते स्वामी, नहीं मुमुक्ष अकांक्षा कामी ।
बीसस्थानको अद्भुत रुपा, वज्रनाभ मुनि मिला अनूपा ॥
पुनि तिर्थंकर गोत्र बंधावा, अरिहंत सिद्ध प्रवच पद पावा ।
आचार्य पर्यय स्थविर पद, उपाध्याय साधू दर्शन पद ॥
ब्रम्हचर्य चारित्र सुहावा, विनय समाधि दान तप पावा ।
वैयावचहे अभिनव ज्ञाना, संयम श्रुतपद तीर्थ समाना ॥
बीसस्थान महि एको ध्याया, तिर्थंकर पद तेहिते पावा ।
बाहु मुनि वैयावच्च साधा, मुनि सुबाहु लोकोतर बांधा ॥
वज्रनाभ मुनि किन्ह बड़ाई, वैयावच्च साधा मुनिराइ ।
महापीठ अरु पीठ मुनिशा, सुन प्रसंस मन कीनी इर्शा ॥
कहा मनहिं मन शास्त्र पढ़ाई, उपकार वृति चित विसराई ।
नारी कर्म दोय मुनिवर बांधा, इमि सठ मुनि प्रवज्ञा साधा ॥
चवदह लाख पूर्व तक भाई, चवज्ञा साधी सब चितलाई ।
पुनि षठ मुनि अनशन वृतधारा, इहि विधि कर्म खपाय अपारा ॥

पुनि सर्वार्थ सिद्धि अनुतरमे, सागरोपम तैतीस उमरमे ।
हुए देव सब अति सुखकारी, पंचम डोलहिं हुए विहारी ॥
बारह भव मे गाया भाई, गलती की क्षीमये मूर्खाइ ।
श्रीमहाराज प्रताप मुनीशा, करी तैयार सड़क अरु दीशा ॥
प्रेम उमंगहिं गावत जाऊं, नेत्र मूंद कर दौड़ा जाऊं ।
मै मूरख न बड़ाइ योगू, गुरु प्रताप का है उपभोगू ॥
धन्य धन्य श्रीगुरु महाराजा, जीवनभर कीना पर काजा ।
मै तुम भाषा गावन चाहूं, दास जानकर करिये छाहूं ॥

हुक्म हुआ आचार्य का, लीना सीस चड़ाय ।
ऋशभ प्रभूके चरणमें, दीना चित लगाय ॥
मै बालक अज्ञान हूं, तुम समर्थ महाराज ।
जैन जगत विचरण करूं, राखो मेरी लाज ॥
पहेला सर्ग तमाम, मै गाया अति प्रेमसे ।
गायनहीं मम काम, शुभ चरित्र भगवानका ॥

**पहला सर्ग समाप्तः १२ भव समाप्तः**

( अपूर्ण. )

## સરસ્વતી ગુણ સ્તુતી.

રચયિતા:—જૈન ભીક્ષુ. મુનિ દુર્લભવીજય.

નત્વાવીભુ સકલ, કામીત દાનદક્ષમ્,
સંખેશ્વર જીનવર, જનતા સુપક્ષમ્;
સહાય કરો મુજ નાથ. આપ માંગલીક ધારી,
સેવક મુજ સાહીબ, પુરો આશા હમારી. ગા. ૧

### પ્રથમ મંગલાચરણ.

સુણુ સુણુ સરસ્વતી ભગવતી, તાહરી જગ વીખ્યાત,
કવીજનની કીર્તી વધે, તીમતુમે કરજો માત.—૧
તુજને સહુ સમરે સદા, તાહરા ગુણ અપાર,
તુજ વીન શીવપદ નવી લહે, ભટકે સવી સંસાર.—૨
જેહને સરસ્વતી સહાય છે, તેહ કવી કહેવાય,
તુમ પસાય છંદ સ્તવન રચુ, પૂર્ણ કરજો માય.—૩
હંસવાહની સરસ્વતી, થાજો માત પ્રસન,
ભલા ભાવ મુજને દીયો, દેજો સરસ વચન.—૪
ગુરૂ માતા ગુરૂ હી પીતા, જ્ઞાન દીયો મહારાજ,
આપ પુન્ય પસાયથી, સફળ હોય મુજ કાજ.—૫

# ॥ श्री भावकुलकम् ॥

॥ कर्ता–आचार्यश्री विजयपद्मसूरिः ॥

॥ आर्यावृत्तम् ॥

पणमिय थंभणपासं, सुगुणपयासं च नेमिसूरिपयं ॥
विरएमि भावकुलगं, दाणाइय पुण्ण साहल्लं ॥१॥
चित्ताहीणो भावो, दुहा सुहेयरविहाणओ तत्थ ॥
संगेज्झो सुहभावो, धम्मो सुहभावसाहीणो ॥२॥
सिद्धपयत्थालंबण, मत्थि जहिं तयणुओ सुहो भावो ॥
इत्तो विवरीओ जो, असुहो से भासिओ भावो ॥३॥
न विणा तं सुहदाणं, तव सीलाइं जिणिंद पयपूया ॥
चारित्ताई तत्तो, पाहण्णं सुद्ध भावस्स ॥४॥
भोज्जं लवणाइ जुयं, सुस्सहजुत्तं च गायणं पवरं ॥
एवं सुहभावजुयं, जिणधम्माराहणं गइयं ॥५॥
असुहनिमित्तण जहा, असुहो भावो तहा सुह निमित्ता ॥
संजायइ सुहभावो, विविहाइं सुहनिमित्ताइं ॥६॥
जिणवयणं जिणपूया, जिणपडिमादंसणं समणसेवा ॥
सुहसज्झायस्सवणं, गुणिदाणुवएसपहुरिद्धीं ॥७॥
जिणपवयणसद्दहणा, तत्तत्थवियारणाइयाइंपि ॥
सुहकारणाइ समए, भणियाइं तत्तदंसीहिं ॥८॥
जिणवयणस्सवणेणं, पडिबुद्धा गोयमाइगणहारी ॥
सुहभावा संजाया, साहियणिव्वाणसुहमग्गा ॥९॥
नियपहजणकल्लाणं, किच्चा पत्ता सिवं समाहित्था ॥
सिरिणागकेउसड्ढो, जिणपूयाजायसुहभावो ॥१०॥
कमसो केवलनाणं, संपत्तो विहरिऊण वसुहाए ॥
पडिबोहिय बहुभव्वे, सिद्धो सुहभावफल मेयं ॥११॥
जिणपडिमालोयणओ, कम्मखओवसमजायसुहभावो ॥
सिरिसिज्जंभवविप्पो, समणो जाओ तओ सूरी ॥१२॥
अभयकुमारप्पेसिय, जिणपडिमादंसणेण संपत्तो ॥
जाइस्सरणं दिक्खं, अद्दकुमारो गयभवण्णो ॥१३॥

( अपूर्ण. )

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૭૧ થી અનુસંધાન. )

અભિષેક કર્યા બાદ આ પ્રમાણે સ્તુતિ કરે—

**तिहुयण सामि! जय जय, उवमा ईयसहाव।**
**शशधर जनक कुलांबरे, भवसायरमां नाव॥१॥**

જગચિંતામણિ—બાંધવા, ચંદ્રાનન-સહ વ્હાલ;
તુજપદ નાથ! નમો નમો, દુસ્થિત જન પ્રતિપાલ. ૨.
તેહ વરાકા વંચિતા, તે હાર્યા નર ભાવ;
દર્શન અલગા જે રહ્યા, ભૂલી નિજ જનુ દાવ. ૩.
જન્મ મરણ મૃત્યુ જરા, રોગ શોક સંતાપ;
તાવ જનો જ્યાં સુધી, તુમ દેખ્યા ન પ્રતાપ. ૪.
કર્મ મહાસંકલ વશે, વસીયો કાલ અનંત;
ભીષણ ભવ ચારક વિષે, તુજ દરિસણ અલહંત. ૫.
કરૂણાસાગર! દાસને, વ્યસન હરી સુખ આપ;
શરણ ચરણ તુજ પામિયો, પ્રકટે પુણ્ય અમાપ. ૬.

એ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ સૌધર્મેન્દ્ર પ્રભુને હાથમાં લઇ, પ્રભુને ઘેર આવી માતાની પાસે પધરાવે. પ્રભુનું કૃત્રિમ રૂપ અને અવસ્વાપિની નિદ્રાને સંહરી વસ્ત્ર, કુંડલ અને પુષ્પની માલા આપી ઉપર છતમાં ચંદ્રવો બાંધે, વચમાં ઝુમણું લટકાવે, આને દેખીને પ્રભુ ખુશી થાય છે. પછી પ્રભુની ક્ષુધા (ભૂખ) શાંત કરવાને ઇન્દ્ર પ્રભુના અંગુઠામાં અમૃતને સ્થાપન કરે છે, કારણ એ કે સર્વે ભાવિ અરિહંત પ્રભુ બાલ્યાવસ્થામાં સ્તનપાન ન કરે, પણ મોંઢામાં અંગુઠો રાખી ક્ષુધાને શમાવે. ઇંદ્રની આજ્ઞાની તિર્યગ્જૃંભક દેવો જે સ્વચ્છંદિ પણે ફરે માટે જૃંભક કહેવાય છે, અને તિર્છાલોકમાં રહેતા હોવાથી તિર્યગ્જૃંભક કહેવાય છે. પલ્યોપમના આયુવાળા વ્યંતર નિકાયના છે, તે તિર્યગ્જૃંભક દેવો પ્રભુના મંદિરમાં સુવર્ણ, રૂપુ, ભદ્રાસન વિગેરેને સ્થાપન કરે છે. શક્રેન્દ્ર આભિયોગિક દેવ પાસે એવી ઉદ્ઘોષણા કરાવે છે કે-"પ્રભુ અને પ્રભુની માતાનું કોઈએ કાંઈ પણ અનિષ્ટ ન ચિંતવવું, ચિંતવશે તો ઇંદ્ર તેને શિક્ષા કરશે." ત્યારબાદ સઘળા ઇંદ્રાદિક દેવો નંદીશ્વર દ્વીપે આનંદથી અઠ્ઠાઇ મહોત્સવ કરી દેવલોકમાં જાય છે. ત્યાર બાદ દાસી રાજાને પુત્રજન્મની ખબર આપે છે. તે સાંભળી ખુશી થઇને રાજા દાસીને ઈનામ આપે છે. પુત્રજન્મનો ઉત્સવ કરે છે. પ્રભુના

હોઠ બિંબ નામના ફૂલના જેવા લાલ હોય છે, પ્રભુની કાંતિ અનુપમ હોય છે અને પ્રભુજી ત્રણ જ્ઞાનના ધણી હોવાથી બાલક્રીડાને ચાહનારા હોતા નથી. ધાવ માતાઓથી લાલન પાલન કરાતાં અરિહંત પ્રભુજી જ્યારે યુવાન અવસ્થાને પામે, ત્યારે પ્રાયે તેમના માતા પિતા રૂપલાવણ્ય-વિવેકાદિ ગુણવંતી રાજપુત્રીની સાથે પાણિગ્રહણ કરાવે છે અને કેટલાએક ભાવિ અરિહંતો પાણિગ્રહણ ન પણ કરે, દ્રષ્ટાન્ત તરીકે, આજ ચોવીશીમાં થયેલા શ્રી મલ્લિનાથ અને શ્રી નેમનાથ ભગવાન. જે સમયે પ્રભુજી સંયમ લેવાનો અવસર નજીક જાણે એટલે એક વર્ષ અવશેષ (બાકી) રહે, તે સમયે લોકાન્તિક દેવો ભાવિ અરિહંતપ્રભુની પાસે પોતાનો તેવો આચાર સમજીને આ પ્રમાણે વીનવે છે, "હે જગદ્‌ગુરૂ ! આપ ધર્મતીર્થને પ્રવર્ત્તાવો. કારણ આ ધર્મતીર્થ ભવિષ્યમાં સર્વલોકમાં સર્વજીવોને મુક્તિના રાજમાર્ગને દેખાડવાપૂર્વક મહાકલ્યાણકારી નીવડશે. એ ઉપરાંત કોઇ તીર્થંકર પ્રભુની આગળ ભક્તિથી તે દેવો બત્રીશ પ્રકારના નાટકો પણ કરે છે. જેમ શ્રી વીર પ્રભુની આગળ એ દેવોએ વીનંતિ કર્યા બાદ બત્રીશ પ્રકારના નાટકો કર્યાં, એમ આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે. તે લોકાન્તિક દેવોનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. બ્રહ્મદેવલોકના ત્રીજા પાથડાની નજીકમાં રહેલી આઠ કૃષ્ણરાજીયોની મધ્યમાં રહેનારા જે દેવો તે લોકાન્તિકદેવો જાણવા. અથવા અનન્તરભવમાં મુક્તિ પામનારા હોવાથી ઔદયિકભાવ રૂપ લોકને છેડે વસનારા, અથવા ઉપચાર દ્રષ્ટિએ થનારી પર્યાયને થઇ ગઇ એમ પણ કહેવાય છે, માટે લોકાગ્ર એટલે સિદ્ધિસ્થાન પામવાની નજીક રહેનારા અથવા જન્મ, જરા અને મરણ વિગેરે રૂપ અગ્નિની જ્વાલાથી પીડાયેલા લોકની છેડે વસનારા અથવા કર્મક્ષયની નજીકમાં વર્ત્તનારા જે દેવો, તે લોકાન્તિક દેવો કહેવાય. તેઓનાં નામ–૧. સારસ્વત, ૨. આદિત્ય, ૩. વહ્નિ, ૪. વરૂણ, ૫. ગર્દતોય, ૬. તુષિત, ૭. અવ્યાબાધ, ૮. આગ્નેય (બીજું નામ મરૂત્) ૯. રિષ્ઠ. તેમાં સારસ્વત અને આદિત્ય આ બેને ૭૦૭ સામાનિકાદિ દેવોનો પરિવાર હોય છે. વહ્નિ અને વરૂણનો ૧૪૦૧૪ દેવોનો, ગર્દતોય અને તુષિતને ૭૦૦૭ દેવોનો, અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ઠ આ ત્રણે લોકાંતિકદેવોને ૯૦૯ દેવોનો પરિવાર હોય છે. આ લોકાન્તિક દેવોના નવ નિકાયો હોય છે. આ બાબત ઉત્તમ ચરિત્રમાં દશ નિકાયો કહી છે, એ મતાન્તર સમજવું. ઉપર જણાવેલા ૯ લોકાન્તિકોમાંના અવ્યાબાધ નામના દેવોની એવી અલૌકિક દિવ્ય શક્તિ હોય છે કે જેથી પોતાનું ઝીણું રૂપ કરી પુરૂષના આંખની પાંપણમાં રહીને પણ બત્રીશ પ્રકારના નાટકો કરે છતાં તે પુરૂષને લગાર પણ પીડા ન થાય. તેઓના નવ વિમાનો પૈકી આઠ વિમાનો કૃષ્ણરાજીયોની આજુબાજુ રહેલા છે, અને છેલ્લું નવમું વિમાન મધ્યમાં રહેલ છે. તે આ પ્રમાણે–પૂર્વ દિશાની એક રાજી અને

ઉત્તર દિશાની એક રાજી, આ બે રાજીની વચ્ચે, ૧. અર્ચિ નામનું તેજસ્વી વિમાન છે. તથા પૂર્વ દિશાની બ્હારની અને અંદરની એમ બે રાજીયોની વચ્ચે ૨. અર્ચિમાલી નામનું વિમાન છે. તથા પૂર્વ દિશાની અને દક્ષિણ દિશાની બે રાજીયોની વચ્ચે ૩. વૈરોચન નામનું વિમાન છે, તથા દક્ષિણ દિશાની બ્હારની એક અને અંદરની એક, એમ બે રાજીયોની વચ્ચે ૪. પ્રભંકર નામનું વિમાન છે. તથા દક્ષિણ દિશાની એક રાજી અને પશ્ચિમ દિશાની એક રાજી, એમ બે રાજીની વચ્ચે ૫. ચંદ્રાભ નામનું વિમાન છે. તથા પશ્ચિમ દિશાની બાહ્ય અને અભ્યંતર એમ બે રાજીયોની વચ્ચે ૬. સૂરાભ નામનું વિમાન હોય છે. તથા પશ્ચિમ અને ઉત્તરની અંદરની બે રાજીયોની વચ્ચે ૭. શુક્રાભ નામનું વિમાન હોય છે. ઉત્તર દિશામાં રહેલી બ્હારની અને અંદરની બે રાજીયોની વચ્ચે ૮. સુપ્રતિષ્ઠાભ નામનું વિમાન હોય છે. અને એ સર્વ કૃષ્ણ રાજીયોના મધ્ય ભાગમાં ૯. રિષ્ઠ નામનું વિમાન હોય છે. આ વિમાનો ઘનવાતને આધારે રહેલા છે, તથા બ્રહ્મદેવલોકના વિમાનો જેવા હોય તેવા જ આ વિમાનો હોય છે, પરંતુ સંસ્થાનમાં તફાવત હોય છે, કારણ કે આ વિમાનો આવલિકા પ્રવિષ્ટ નથી. આ વિમાનોમાં રહેનાર દેવોનું વધારેમાં વધારે આઉખું આઠ સાગરોપમનું હોય છે, તેઓના પરિવારના દેવો પણ તેટલા આયુવાળા સંભવે છે. આ દેવોને આઠ હજાર (૮૦૦૦) વર્ષ વીત્યા બાદ આહારની ઇચ્છા હોય અને આઠ (૮) પખવાડીયા વીત્યા બાદ શ્વાસોચ્છવાસની ક્રિયા પ્રવર્તે છે. તેઓના ભવના સંબંધમાં-'આ દેવો એકાવતારી હોય છે.' એમ ત્રીજા અંગની ટીકામાં તથા શ્રેણિક ચરિત્રમાં અને પ્રવચન સારોદ્ધાર તથા તત્ત્વાર્થ ટીકામાં પણ કહેલ છે. પરંતુ લબ્ધિ સ્તોત્રમાં-"સત્તટ્ઠભવેહિં લોગંતી" લોકાંતિક દેવો વધારેમાં વધારે સાત અથવા આઠ ભવમાં મુક્તિ પદ પામે, એમ કહેલ છે. ઉપર જણાવેલા સ્વરૂપવાળા લોકાન્તિક દેવોએ પહેલાં કહી છે તેમ વીનંતિ કર્યા બાદ જ અરિહંત પ્રભુ વાર્ષિક દાનની શરૂઆત કરે, એવો એકાંત નિયમ ન સમજવો.

( અપૂર્ણ. )

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા.

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૭૨ થી અનુસંધાન )

૪૨-પ્રશ્ન—વળી એમ પણ કહેવાય છે. કે- " જેવી ગતિ થવાની હોય, તેવી મતિ પ્રકટે છે" આ વાકયનું શું રહસ્ય સમજવું ?

ઉત્તર—મનુષ્યોને અને તિર્યંચોને અંતિમ સમયે ભવિષ્યમાં જે ગતિમાં જવાનું હોય, તે ગતિની લેશ્યાના પરિણામ થાય છે. દૃષ્ટાંત તરીકે-વાસુદેવ

કૃષ્ણ મહારાજને અંતિમ સમયે ત્રીજી નરકમાં જવાનું હતું, તેથી ત્યાંની લેશ્યાના અશુભ પરિણામ થયા, તેથી જ જરાસંઘને મારવાની ઇચ્છા થઇ. જે મનુષ્ય વગેરે શુભ ગતિમાં જવાના હોય, તેમને અંતિમ સમયે શુભ લેશ્યાના પરિણામ હોય છે. દૃષ્ટાંત મંત્રી વસ્તુપાલનું જાણવું. તેમની બીના મેં ભાવનાકલ્પલતા, લોકપ્રકાશની પ્રસ્તાવના, કાળધર્મનું ખરૂં રહસ્ય. વગેરે ગ્રંથોમાં જણાવી છે. આ રીતે ગાત પ્રમાણે મતિ થાય છે.

૪૩–પ્રશ્ન—અંતિમ સમયે શરીરના કયા ભાગમાંથી નીકળીને સંસારિજીવ પરભવમાં જાય છે ?

ઉત્તર—અંતિમ સમયે. (૧) પગમાંથી. (૨) સાથળમાંથી. (૩) હૃદયમાંથી. (૪) મસ્તકમાંથી. (૫) સર્વાંગથી આત્મા નીકળે છે. એટલે શરીરમાંથી આત્માને નીકળવાના પાંચ રસ્તા છે. આ બાબતમાં શ્રીસ્થાનાંગસૂત્રના પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે—

**पंचविहे जीवस्स णिज्जाणमग्गे पण्णत्ते–तंजहा. १–पाएहिं. २–उरूहिं. ३–उरेणं. ४–सिरेणं. ५–सव्वं गेहिं ॥**

[ આ પાઠનો અર્થ શરૂઆતમાં જણાવ્યો છે. ]

૪૪. પ્રશ્ન—પગ વિગેરેમાંથી આત્મા નીકળીને કઇ કઇ ગતિમાં જાય ?

ઉત્તર—(૧) જેનો આત્મા પગમાંથી નીકળે, તે જીવ નરકગતિમાં જાય. (૨) જેનો આત્મા સાથળમાંથી નીકળે, તે જીવ તિર્યંચગતિમાં જાય. (૩) જેનો આત્મા હૃદયમાંથી નીકળે, તે જીવ મનુષ્ય થાય. (૪) જેનો આત્મા મસ્તકમાંથી નીકળે, તે જીવ દેવ થાય. (૫) સર્વાંગથી જેનો આત્મા નીકળે, તે જીવ સિદ્ધિના અવ્યાબાધ સુખ પામે. આ બાબતમાં સાક્ષિપાઠ શ્રીસ્થાનાંગસૂત્રનો આ પ્રમાણે છે.

**(१) पाएहिं णिज्जाणमाणे निरयगामी भवइ. (२) उरूहिं णिज्जाणमाणे तिरियगामी हवइ. (३) उरेणं णिज्जाणमाणे मणुयगामी हवइ. (४) सिरेणं णिज्जाणमाणे देवगामी हवइ. (५) सव्वंगेहिं णिज्जाणमाणे सिद्धिगइ पज्जवसाणे पण्णत्ते ॥**

[ આ પાઠનો સ્પષ્ટાર્થ શરૂઆતમાં જણાવ્યો છે.

૪૫. પ્રશ્ન—આત્મના પ્રદેશો કેટલા ?

ઉત્તર—અસંખ્યાતા પ્રદેશો દરેક આત્માના જાણવા. (૧) લોકાકાશના પ્રદેશો (૨) ધર્માસ્તિકાયના પ્રદેશો. (૩) અધર્માસ્તિકાયના પ્રદેશો. (૪) એક જીવના પ્રદેશો આ ચારે એક સરખા પ્રમાણમાં હોય છે. એટલે જેટલા પ્રદેશો લોકાકાશના કહ્યા છે, તેટલાજ પ્રદેશો ધર્માસ્તિકાયાદિ દરેકના જાણવા. પ્રત્યક્ષ દેખાય છે કે- દરેક જીવનું શરીર એક સરખું ન હોય, કારણ કે કીડી વગેરેનું શરીર નાનું દેખાય છે, ને હાથી વગેરેનું શરીર મોટું દેખાય છે. આ રીતે શરીર નાનું મોટું છતાં પણ આત્મપ્રદેશો દરેક જીવના એક સરખા. એટલા અસંખ્યાતા પ્રદેશો જેમ હાથીના છે, તેટલાજ પ્રદેશો કીડીના જાણવા.

૪૬. પ્રશ્ન—જ્યારે આત્મપ્રદેશો બંનેના [કીડીના અને હાથીના] સરખા છે, તો પછી કીડીના નાના શરીરમાં કઈ રીતે રહી શકે?

ઉત્તર—લુગડાની જેમ આત્મપ્રદેશોમાં સંકોચ વિકાસ થાય છે. તેથી કીડીના જેવા નાના શરીરમાં આત્મપ્રદેશો સંકોચાઇને રહે છે, ને હાથીના શરીરમાં ફેલાઇને રહે છે. એમ શ્રીતત્ત્વાર્થવૃત્તિમાં કહ્યું છે. તે પાઠ આ પ્રમાણે. "**संकोचविकासधर्मत्वादात्मप्रदेशानामिति**" (આ પાઠનો અર્થ શરૂઆતમાં જણાવ્યો છે.

૪૭. પ્રશ્ન—આત્મા શરીરમાં કઈ રીતે રહે છે?

ઉત્તર—સાંકળી કડીઓ (અંકોડા)માં જેમ માંહોમાંહે સંબન્ધ હોય છે, તેવી રીતે શરીરમાં આત્મપ્રદેશો સંબન્ધ થઇને રહે છે. શરીરના તમામ ભાગમાં આત્મપ્રદેશો હોય છે. જેમ સોય વાગવાથી દુઃખ થાય છે, તેથી સાબીત થાય છે.

૪૮–પ્રશ્ન—કલ્પસૂત્રમાં "**समणे भगवं महावीरे**" આ વાકય આવે છે. તેમાં "**समणे**" શબ્દના કેટલા અર્થ થઇ શકે છે?

ઉત્તર—'**समणे**' આ પદના ચાર અર્થો આ પ્રમાણે થાય. ૧ શમનઃ–પ્રભુ શ્રી મહાવીરદેવ ઉપદ્રવોને શમાવે છે. આથી પ્રભુનો અપાયાપગમાતિશય જણાવ્યો. ૨ સમનાઃ–પ્રભુદેવ દ્રવ્યમનનો પ્રયોગ કરીને અનુત્તર વિમાનના દેવે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપે છે, તેથી દ્રવ્ય મનવાળા કહેવાય છે. આથી પ્રભુદેવનો જ્ઞાનાતિશય જણાવ્યો. ૩ સમણુઃ=જે પદાર્થોના યથાર્થ સ્વરૂપને કહે તે 'સમણુ' કહેવાય. પ્રભુદેવ તેવા છે, આથી વચનાતિશય જણાવ્યો. ૪ સમાનઃ–ઇંદ્રાદિ ભવ્ય જીવો જેમની પૂજા કરે છે, તેવા પ્રભુદેવ 'સમાન' કહેવાય. માન એટલે પૂજા આવી પૂજાને યોગ્ય પ્રભુ શ્રીમહાવીરદેવ છે. આથી પૂજાતિશય જણાવ્યો. આ પ્રમાણે ઉપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજે શ્રીકલ્પસૂત્રની બનાવેલી કલ્પકિરણાવલી નામની ટીકામાં ચાર અર્થ કરીને પ્રભુ શ્રીમહાવીરદેવના ચાર અતિશય જણાવ્યા છે.

૪૯. પ્રશ્ન–આત્મા છે એમાં પ્રમાણ શું?

ઉત્તર–હું સુખી છું, હું દુઃખી છું આવું જ્ઞાન જે થાય છે તેમાં 'હું' શબ્દથી આત્મા સાબીત છે–દુનિયામાં ક્રિયા–કર્મ દેખાય છે, તે કર્ત્તા વિના બની શકેજ નહિ, ને તે ક્રિયા કરનાર આત્માજ છે. વિશેષ બીના વિશેષાવશ્યક મહાભાષ્યની ટીકામાં જણાવી છે.

૫૦. પ્રશ્ન–કર્મ છે, એમાં પ્રમાણ શું?

ઉત્તર–જગતમાં એક સુખી છે, બીજો દુઃખી છે, એક જ્ઞાની, ને, બીજો અજ્ઞાની દેખાય છે, એક માણુસ નીરોગી હોય છે, ત્યારે બીજો રોગી દેખાય. આવી અનેક જાતિ વિચિત્રતા (કાર્યરૂપ હોવાથી બીજના અંકુરાની માફક) કારણથી જ થયેલી છે, એમ માનવું જોઇએ. એ વિચિત્રતાનું કારણ જે હોય, તેજ કર્મ. આવી રીતે કર્મ પદાર્થ સાબીત થઇ શકે છે. વિશેષ બીના કર્મગ્રંથ ટીકા વગેરે ગ્રંથોમાં જણાવી છે. (અપૂર્ણ.)

## विषमविषमशर विषधर विषहरसमत्तीर्थोद्धारक
## श्रीनीतिसूरीश्वराणां तदन्तेवासिमलयविजयेन गुम्फितमष्टकम्

वसन्त तिलका

भक्त्या प्रणम्य गिरिनार नगेन्द्रमौलिम्
शङ्खाङ्क(शैवेय)मिज्य चरणं जिननेमिनाथम् ।
तत्त्वामृतं वहति यो निजकात्मगेहे
रागेण नौमि गुरुनीतिमभीष्टदं तं ॥१॥

हरिणी छन्द

शशधरसमा भद्रा मुद्रा सुधारसवर्षिणी
बुधजनमनस्तोषीभूता सदाशिवकारिणी ।
ललितवचसा भव्यात्मानां भवातपहारिणी
विजयपदभाङ् नीतीसूरेः[1] सुमङ्गलदायिनी ॥२॥

तोटक

ललिता विमला हृदयं गमिता
सुविशाल मनोहर कामदुघा ।
अपवर्ग सुसाधनिका सुखदा
मृदुतामयशान्त सुवाक् पठिता (सुगुरोः) ॥३॥

शिखरिणी

सदाभव्यैर्लोकैर्विमलमनसा ध्यातचरणः
प्रसेव्यः श्रेयोदः भवजलधिश्रेष्ठप्रवहणम् ।
असंतोषादीनां विषमविषयानाञ्च हरणे
समर्थश्चारित्री जयतु मुनिपो नीतिविजयः ॥४॥

मालिनी

मदमदननिवारी जैनधर्माधिकारी
विमलमतिसुधारी दुष्टकर्मापहारी ।
घनतिमिरविदारी ज्ञानसिद्धिप्रसारी
सकल (सतत) सुहितकारी, भद्रदो नीतिसूरिः ॥५॥

---

१ नीति ए प्रमाणे ह्रस्व करवाथी छंद भङ्ग थाय छे तेथी कालीदासवत् दीर्घ करेल छे.

मन्दाक्रान्ता

तत्त्वग्राही सरलहृदयः शान्तमुद्राभिरामः
सम्यग्द्रष्टा विगलिततमाः ख्यातकीर्त्तिर्मुनीन्द्रः ।
विद्वद्वृन्दस्तुतपदकजः सेव्यपादारविन्दः
जीयाच्छ्रीमान्विजयपदयुङ् नीतिसूरीश्वरो वै ॥६॥

शार्दूलविक्रीडितम्

सद्भक्त्या गुरुवर्यपादकमलं संसेव्य जातः सुधीः
भव्यानां वरबोधिदो हितकरः सज्ज्ञानलीलाधरः ।
विघ्नौघोदकशोषकाम्बरमणिर्मोहान्धकारापहः
जीयाच्छ्रीविजयादिसद्गुरुवरः श्रीनीतिसूरीश्वरः ॥७॥

स्रग्धरा

भव्याम्भोजप्रबोधे गगनमणिरिवोद्भ्राजते सर्वकाले
शास्त्राभ्यासातिशुभ्रा गुणगल निलया शान्तभावेन मिश्रा ।
निःशेषाज्ञानहर्त्री विबुधजनमनस्तोषदा यस्य मूर्त्तिः
स श्रीमन्नीतिसूरिः प्रशमरसमयो विश्वविश्वोपकर्त्ता ॥८॥

आर्या

एवं सद्गुरुभक्त्या स्तुता मया श्रमणमलयविजयेन ।
तन्वन्तु मङ्गलालिं संघे श्रीनीतिसूरीशाः ॥९॥

## ધર્મ્ય વિચાર

લેખકઃ-ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી.

(પુ. ૩ અંક ૨-૩. પૃષ્ઠ ૩૯ થી અનુસંધાન)

(૧૪) જ્ઞાનનું ફલવિરતિ છે અને જ્ઞાન-વિદ્યા વિનયથી પ્રાપ્ત થાય છે. આથી વિનીત ભાવને શાસ્ત્રદૃષ્ટિએ ઘણું જ મહત્ત્વ સ્થાન મળ્યું છે. મહર્ષિઓએ 'विणयमूलो धम्मो' એ સૂત્રને ગુંથી તેની મહત્તા ગાઇ છે. બાળ, નવીન મનુષ્ય પોતે અજ્ઞાન, અજાણ હોય છે. તે પોતાના કર્તવ્યને બરાબર સમજી શકતો નથી. એને જ્ઞાન થવાને હજી ઘણીવાર હોય છે, અને જ્યાં સુધી અમુક હદ સુધીનું જ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનીને અનુસરવાની ટેવ તેના માટે અનિવાર્ય છે.

નમ્રતા સિવાય ગુરૂ પાસે આવી શકાય નહિ, સદ્પ્રવૃત્તિ આદરી શકાય નહિ, જ્ઞાન મેળવી શકાય નહિ અને કોઈપણ પ્રકારની યોગ્યતા લાવી શકાય નહિ. ગુરૂજનો શું કહે છે એ, જે નમ્ર, વિનીત હોય, તે જ ધ્યાન દઇ સાંભળી શકે યા ગ્રહણ કરી શકે. આટલા માટે સર્વ શાસ્ત્રકારોએ ત્યાગના માર્ગમાં નમ્રને જ ખાસ કરી અધિકારી ઠરાવ્યો છે. વ્યવહારૂ કલાઓમાં નિષ્ણાત થવાને પણ નમ્રતા જોઇએ જ છે. એમાં કોઇ ભલે ઉન્નત ઉરનો તેજસ્વી હોય; પણ તે નમ્ર જોઇએ, ઉદ્ધત, વક્ર નહિ. ન સહન કરનાર વક્રપદિ પણ ગુણનું પાત્ર થતો નથી; તેની સર્વ ક્રિયાઓ, પછી તે ભલેને ઘણી જ સુંદર અને શાસ્ત્રોક્ત હોય છતાં, બધી નિષ્ફલ થાય છે એટલું જ નહિ કિન્તુ તેના સકલ ગુણોના નાશનું કારણ બને છે. આ વિષેનાં ઘણાં દષ્ટાંતો જ્ઞાનીઓએ અને અનુભવીઓએ જ્યાં ત્યાં ટાંકી બતાવ્યાં છે.

પ્રત્યેક માબાપ, કે જે પોતાના સંતાનનું સદા શ્રેયઃ ઇચ્છે છે તે પણ, પોતાના સંતાનને અતીવ નમ્ર થતું, થયેલું જોવા ઇચ્છે છે. તેઓ માને છે કે, સંતાનના ઉપર વરસતા અમારા સર્વ આશિર્વાદો તેની વિનીતતા ઉપર જ સફળ થવાને નિર્ભર છે. ઉદાર અને વાત્સલ્યભર્યાં હૃદયનાં સમર્પણ અવિનીતને માટે વિષરૂપ થઇ પડે છે; જ્યાં ત્યાંથી પણ જગત પોતાના તરફ નમ્રતા ઢળતી જોવા ઇચ્છે છે, તો પછી પોતાનાં વાત્સલ્યનું મુખ્ય સ્થાન જે સંતાન, તેના તરફની નમ્રતા પોતાના તરફ ઢળતી જોવા તેને કેટલો બધો ચાહ હોય. સંતાનની વ્યવહારૂ નમ્રતાને નિરખતાં તેમને કેટલો બધો આનંદ અને ઉમળકો આવે ?

સુશીલ અને પતિવ્રતા આર્ય સ્ત્રી પોતાનું મસ્તક પતિના ચરણકમલમાં સદાય નમતું રાખે છે અને આખુંય જીવન તેને સમર્પણ કરી ખરા જિગરથી તે પોતાને કૃતકૃત્ય માને છે, પતિપર તેનો અનહદ પૂજ્યભાવ હોય છે, તેનું પૂજન સર્વથા વાસ્તવિકતાથી ભરેલુ હોય છે, છતાં તે પોતાના એ પ્રિયતમને તેજસ્વીતા અને શૂરતા વગેરેની સાથે હૃદયનો અતીવનમ્ર માર્દવશીલ પણ જોવા, જો કે અનીચ્છાએ પણ ઇચ્છે છે. પતિની મૃદુતા પ્રત્યક્ષ અનુભવવા તે રીસાય છે, પણ તેને પગમાં પડવા દેતી નથી, આજ્ઞા ઉઠાવવા દેતી નથી. પગમાં પડવા પુરતો, આજ્ઞા ઉઠાવવા પુરતો પતિની મનોદશામાં માર્દવભાવ હોય એટલું એને, આનંદમય, સુખમય, શાંતજીવન વીતાવવાને માટે બસ છે. બીજી તરફ પતિ, કે જે સ્ત્રીના માટે સર્વસ્વ સમર્પવા અને સર્વથા સહવા તૈયાર છે, તેય સ્ત્રીને સદા વિનયથી નમ્ર અને આજ્ઞાંકિત જોવા ચાહે છે. તેની જેટલી નમ્રતા અને આજ્ઞાંકિતતા; તેટલો જ તે તેને આધીન, અનુકૂલ અને વશીભૂત હોય છે, બની રહે છે. (અપૂર્ણ.)

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखकः—पन्यास श्रीप्रमोदविजयजी गणिवर्य. (पन्नालालजी)

( ગતાંક પૃષ્ઠ ૭૪ થી અનુસંધાન. )

पुरातत्वज्ञ श्रीमान् काशीप्रसाद जायसवाल ने पटना की वस्ती अगम कुंआ से मिली हुई दो मूर्तियों के शिलालेखों से स्पष्ट निर्णय पूर्वक यह घोषणा की है कि ये जैन मूर्तियां महाराजा कोणिक (अजातशत्रु) के समय की ही हैं। आपने अपने ये विचार भारती इतिहास की रूपरेखा पृष्ठ ५०२ पर स्पष्ट प्रकट किये हैं।

पुरातत्वज्ञ श्रीमान् हीरानन्दशास्त्री ने "सरस्वती" नामक मासिक पत्रिका के वर्ष पंद्रह अंक दूसरे में एक विस्तृत लेख प्रकाशित कराया है उसमें आप लिखते हैं कि मथुरा से चौदह माइल के फासले पर "परखम" नामक ग्राम में एक प्रतिमा उपलब्ध हुई है जिस पर ब्राह्मी लिपि का लेख है उससे सिद्ध होता है कि यह मूर्ति ईस्वी सन् के २५० वर्ष पूर्व की है। साथ ही जैनधर्म के गौरव का सूचक एक स्तूप का भी पता मिला है जो कि पिप्रावह के स्तूप से कम पुराना प्रतीत नहीं होता है यह स्तूप गौतम बुद्ध के निर्वाण के बाद कुछ ही समय में बना है अर्थात् ईस्वी सन् के ४५० वर्ष पूर्व का है। इससे जैन धर्म और मूर्तिपूजा की प्राचीनता भी स्पष्ट ज्ञात हो जाती है।

श्रीमान् त्रिभुवनदास लहेरचन्द ने अपने भारत वर्ष के प्राचीन इतिहास पृष्ठ १६ पर लिखते हुए बतलाया है कि अंग्रेजों को खुदाई का काम करते हुए जो महावीर की मूर्ति प्राप्त हुई है वह २२०० वर्ष प्राचीन है और उस समय भी जैन धर्म में मूर्तिपूजा आमतौर से प्रचलित थी इसकी साक्षी यह प्राचीन जैन तीर्थंकर मूर्ति ही दे रही है।

जैन पत्र ता. ८-१२-३५ में एक पुरातत्वज्ञ ने मूर्तिपूजा की प्राचीनता बतलाते हुए एक मूर्ति के आधार पर यह सिद्ध किया है कि यह मूर्ति भगवान् महावीर के समसामायिक ही है और उस समय भी मूर्तिपूजा का प्रचार खूब जोर पर था। यदि भगवान् महावीर के समय मूर्तिपूजा प्रचलित न होती तो कदापि उस समय के शिलालेख एवं मूर्तियां वर्तमान में उपलब्ध नहीं हो सकती थीं। इन मूर्तियों और शिलालेखों के आधार पर ही सर्व अन्वेषकों ने अपनी एक सम्मति यह दी है कि मूर्तिपूजा जैन धर्म में बहुत ही प्राचीन है। इतना ही नहीं किंतु मूर्तिपूजा जैन धर्म का एक खास अंग है। यदि यह अंग निकाल दिया जाय तो जैन धर्म का असली स्वरूप ही बदल जायगा।

विशाला नगरी के समीपवर्ती प्रदेश में अन्वेषण प्रयत्न से जो मंदिर, मूर्तियां, पादुकाएं और स्तूपादि जैन स्मारक ध्वंसावशेष निकले हैं उन पर यूरोपियन विद्वानों ने निष्पक्षपात दृष्टि से विचार कर स्पष्ट अपना अभिप्राय

प्रकट कर दिया है कि-ये सब स्मारक चिह्न भगवान् महावीर के सम सामयिक ही हैं और मूर्तिपूजा के प्राचीनत्व को परिपुष्ट करते हैं आज दिन तक अन्वेषकों को ऐसा कोइ अपवाद स्वरूप साधन नहीं मिला जो कि मूर्तिपूजा का बाधक हो। वास्ते इतने प्रमाणों के उपलब्ध होने पर भी मूर्तिपूजा की प्राचीनता पर संदेह एवं अविश्वास करना अपनी अनभिज्ञता का परिचय देना ही है।

राय बहादुर पं. गौरीशंकर जी ओझा ने अपने राजपुताने के इतिहास में लिखा है कि-इस में निश्चित है कि मेवाड़ में विक्रम संवत् पूर्व दूसरी शताब्दी के पूर्व में मूर्तिपूजा का प्रचार था" जिसे आज २२०० भी अधिक वर्ष हो गये हैं। (अपूर्ण.)

# -: પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત :-

મૂલકર્તાઃ-બૃહત તપાગચ્છ નાયક **શ્રીમદ્‌વિજયદેવેન્દ્રસૂરિ મહારાજ.**

પદ્યમય અનુવાદ કર્તાઃ-મુનિશ્રી **દક્ષવિજયજી** મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૭૮ થી અનુસંધાન)

(વિહાયોગતિ નામકર્મનું સ્વરૂપ)

ઉદય આનુપૂર્વી કેરો, વક્રગતિએ હોય છે,
**વિહગગતિ** શુભ વૃષભ સમને, અશુભ ઉર સમાન છે;

**मूल-परघाउदया पाणी, परेसि बलिणं पि होइ दुद्धरिसो।**
**ऊससणलद्धि-जुत्तो, हवेइ ऊसासनाम-वसा ॥४४॥**

## આઠ પ્રત્યેક પ્રકૃતિઓનું ક્રમિક સ્વરૂપ

(પરાઘાતને શ્વાસોચ્છ્વાસ નામકર્મનું સ્વરૂપ)

**પરાઘાત**ના ઉદયે અપર,-બળવંતને દુઃસહ બને,
**ઉચ્છ્વાસનામ** વશે જ શ્વાસો;-ચ્છ્વાસ લબ્ધિયુત બને. (૪૪)

**मूल-रविबिंबे उ जिअंगं, ताव-जुअं आयवाउ न उ जलणे।**
**जमुसिण-फासस्स तहिं, लोहिअ-वण्णस्स उदउ त्ति ॥४५॥**

(આતપ નામકર્મનું સ્વરૂપ)

શીત કાય ઉષ્ણ પ્રકાશ યુત, જેથી બને તે જાણને,
**આતપોદય** સૂર્યબિંબ, તણા જ પૃથિવીકાયને;
નથી અગ્નિકાયે તેહ કિંતુ, રક્ત વર્ણોદય અને,
ઉષ્ણ સ્પર્શોદય વડે છે, અગ્નિ લાલ ઉનો અને. (૪૫)

**मूल–अणुसिण–पयासरूवं, जिअंगमुज्जोअए इहुज्जोआ ।**
**जइ-देवुत्तर-विक्कअ, जोइस-खज्जोअमाइ व्व ॥४६॥**

(ઉદ્યોત નામકર્મનું સ્વરૂપ)

મુનિરાજની ને દેવતાની, ઉત્તર વૈક્રિયકાય ને,
જ્યોતિષી ખદ્યોત મણિ, રત્નાદિ સમ ઉદ્યોતને;
ધારે અનુષ્ણ પ્રકાશરૂપ જે, જીવની કાયા અરે !,
જાણજે **ઉદ્યોત**ના ઉદયે, કરીને તે ખરે. (૪૬)

**मूल–अंगं न गुरु न लहुअं, जायइ जीवस्स अगुरुलहु–उदया ।**
**तित्थेण तिहुअणस्स वि, पुज्जो से उदओ केवलिणो ॥४७॥**

(અગુરૂલઘુ નામકર્મનું સ્વરૂપ)

ભારે ય કે હલકું નહિં પણ, અગુરૂલઘુ–પરિણામથી,
કાયા પરિણત થાય છે, **અગુરૂલઘુ**ના ઉદયથી;

(તીર્થંકર નામકર્મનું સ્વરૂપ)

તીર્થસ્થાપકપદ વરી, પૂજનિક બને ત્રણ ભુવનમાં,
**તીર્થંકર** નામોદયે, તસ ઉદય કેવલિભાવમાં. (૪૭)

**मूल–अंगोवंग–निअमणं, निम्माणं कुणइ सुत्तहार-समं ।**
**उवघाया उवहम्मइ, स-तणु-वयव-लंबिगाईहिं ॥४८॥**

(નિર્માણ નામકર્મનું સ્વરૂપ)

ઉચિત સ્થાને ગોઠવે જે, અંગ ને ઉપાંગને,
**નિર્માણ** નામ જ કર્મ તે, સુતાર સરખું જાણને;

(ઉપઘાત નામકર્મનું સ્વરૂપ)

ઉપઘાતના ઉદયે હણાયે, જીવ નિજ તનુ અંગથી,
લંબિકા પડજીભી ને મસ, ચોર દંતાદિકથી. (૪૮)

**मूल–बि-ति-चउ-पणिंदिअ तसा, बायरओ बायरा जिआ थूला ।**
**निअ–निअ–पज्जत्ति–जुआ, पज्जत्ता लद्धि-करणेहिं ॥४९॥**

## ત્રસ દશકનું ક્રમથી સ્વરૂપ.–

(ત્રસ, બાદર ને પર્યાપ્ત નામકર્મનું સ્વરૂપ)

બે ઇંદ્રિને તેઇંદ્રિને, ચઉરિંદ્રિ પંચેંદ્રિપણું,
**ત્રસ** નામકર્મ તણા જ ઉદયે, જીવ પામે છે ઘણું;
જીવ બાદર થાય **બાદર**,–નામના ઉદયે કરી,
થાય નિજ પર્યાપ્તિયુત, **પર્યાપ્ત**ના ઉદયે કરી. (૪૯)
લબ્ધિ અને કરણે કરી, પર્યાપ્ત જીવો દ્વિવિધ છે,

**मूल–पत्तेअ तणू पत्ते, उदएणं दंत–अट्ठिमाइ थिरं ।**
**नाभुवरि सिराइ सुहं, सुभगाओ सव्व-जण-इट्ठो ॥५०॥**

(પ્રત્યેક, સ્થિર, શુભ ને સૌભાગ્ય નામકર્મનું સ્વરૂપ)

**પ્રત્યેક** ઉદયે એક કાયા, એક જીવને થાય છે;
**સ્થિર** થાય જેથી દાંત હાડ, પ્રમુખ તે સ્થિર ઉદય છે;
નાભિ પર શુભ મસ્તકાદિ, અંગ **શુભ** ઉદયે જ છે. (૫૦)
**સૌભાગ્ય** ઉદયે સર્વ જનને, ઇષ્ટ જીવ જ થાય છે,

**मूल–सुसरा महुर–सुह–झुणी, आइज्जा सव्व लोअ–गिज्झवओ ।**
**जसओ जसकित्तीओ, थावर–दसगं विवज्जत्थं ॥५१॥**

(સુસ્વર, આદેય અને યશોનામકર્મનું સ્વરૂપ)

**સુસ્વર** તણા ઉદયે મધુર સુખ,-દાયિ સ્વર યુત થાય છે;
**આદેય** ઉદયે સર્વ જનને, ગ્રાહ્ય વચનો થાય છે,
**યશનામ** કર્મોદય થકી યશ, કીર્તિ જગમાં થાય છે. (૫૧)

(સ્થાવર નામકર્માદિ સ્થાવરદર્શકનું સ્વરૂપ)

ત્રસ દશકથી વિપરીત અર્થી, જાણુ **સ્થાવરદશકને,**

**मूल–गोअं दुहुच्च–नीअं, कुलाल इव सुघड–भुंभलाईअं ।**

## ૭. ગોત્ર કર્મ.

(ગોત્રકર્મનું અને તેના બે ભેદોનું દૃષ્ટાન્ત દ્વારા સ્વરૂપ)

પૂર્ણઘટ ને મદ્યઘટ સમ, ઉચ્ચ **નીચ્ચ** જ ગોત્રને;
કુંભકાર પરે કરે છે, દ્વિવિધ **ગોત્ર** જ **કર્મ** રે !,

**मूल–विग्घं दाणे लाभे अ, भोगुवभोगेसु वीरिए अ ॥५२॥**
**सिरिहरिअ–समं एअं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाईयं, एवं विग्घेण जीवो वि ॥५३॥**

## ૮. અંતરાય કર્મ.

(અંતરાયકર્મના ૫ ભેદ ને તેનું સ્વરૂપ)

વળી દાન લાભ જ ભોગને, ઉપભોગ વીર્યતણો અરે !. (૫૨)
**અંતરાય** પંચ પ્રકાર, ભંડારી સમાન જ માનને,
પ્રતિકૂલ ભંડારી થકી, રાજા પ્રમુખ દાનાદિને;
જેમ કરી શકતો નથી તેમ, જીવ પણુ દાનાદિને,
અંતરાયના ઉદયે, કરી શકતો નથી તે જાણુને. (૫૩)

(અપૂર્ણ.)

॥ ॐ अर्हं नमः ॥

# શ્રી ચૈત્યવંદન ભાષ્યનો છન્દોબદ્ધ ભાષાનુવાદ.

મૂલકર્તા : પૂ૦ શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

અનુવાદક : મુનિરાજ શ્રીસુશીલવિજયજી.

मूल–वंदित्तु वंदणिज्जे, सव्वं चिदवंदणाइ–सुवियारं ॥
बहु–वित्ति–भास–चुण्णी,–सुयाणुसारेण वुच्छामि ॥१॥
दहतिग अहिगमपणगं, दुदिसि तिहुग्गह तिहा उ वंदणया ॥
पणिवाय–नमुक्कारा, वन्न सोल–सय–सीयाला ॥२॥
इगसीइसयं तु पया, सगनउई संपयाओ पण दंडा ॥
बार अहिगार चउवं,–दणिज्ज सरणिज्ज चउह जिणा ॥३॥
चउरो थुई निमित्तट्ठ, बारह हेऊ अ मोल–आगारा ॥
गुणवीस दोस उस्सग्ग,–माण थुमं च सग वेला ॥४॥
दस–आसायण–चाओ, सव्वे चिइवंदणाइ–ठाणाइ ॥
चउवीस दुवारेहिं, दुसहस्सा हुंति चउसयरा ॥५॥

અનુવાદ— ( હરિગીત છંદમાં )

( મંગલાચરણ અને ગ્રન્થનો વિષય )

વાંદી વંદન યોગ્ય[1] સરવે, ચૈત્યવંદન[2] આદિના[3]–
શુભ વિચારને બહુ[4]વૃત્તિ,–ભાષ્ય[5]–ચૂર્ણિ[6] શ્રુતના[7];

---

૧ પંચ પરમેષ્ઠી ( અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ. )

૨ ચૈત્યવંદન ભાષ્યના ૩ અને આદિ પદથી ગુરૂવંદન ભાષ્ય તથા પચ્ચક્ખાણ ભાષ્યના.

૪ ઘણી વૃત્તિઓ ટીકાઓ. વૃત્તિનું લક્ષણ સૂત્ર ભાષ્ય અને નિર્યુક્તિનો જે વિશેષાર્થ કેવલ સંસ્કૃત ભાષામાં અપૂર્વધરો ગદ્યબદ્ધ રચે છે તે **'વૃત્તિ–ટીકા'** ઇત્યાદિ કહેવાય છે. જેમકે આ આગમો વગેરેની સંસ્કૃત ટીકાઓ.

૫ ભાષ્યનું લક્ષણ—સૂત્રનો અથવા નિર્યુક્તિનો જે વિશેષાર્થ: પ્રાયઃ પૂર્વધરો પ્રાકૃત ભાષામાં છંદોબદ્ધ રચે છે તે **'ભાષ્ય'** કહેવાય છે. જેમકે–મહાભાષ્ય, કલ્પભાષ્ય, વ્યવહાર ભાષ્ય વિગેરે.

૬ ચૂર્ણિનું લક્ષણ—સૂત્રનો અથવા ભાષ્યનો જે વિશેષાર્થ: સંસ્કૃત તથા પ્રાકૃત (મિશ્રરૂપે) બન્ને ભાષામાં પ્રાયઃ પૂર્વધર મહર્ષિઓ રચે છે તે 'ચૂર્ણિ' કહેવાય છે. જેમકે આવશ્યક ચૂર્ણિ આદિ.

૭ ઉપલક્ષણથી નિર્યુક્તિ અને સૂત્ર એ પંચાંગી યુક્ત શ્રુતના.

કહીશ હું અનુસારે ચોવીશ, દ્વાર તેહનાં જાણવાં,

(ક્રમશઃ ચોવીશ દ્વારોમાં આવતા વિષયનો સંક્ષેપમાં સ્ફોટ)

દશ ત્રિક, પાંચ અભિગમ, પહેલે[1] બીજે[2] માનવા. (૧)

બે દિશિ, ત્રણ અવગ્રહ છે, ત્રીજા ચોથા દ્વારમાં,

ત્રણ પ્રકારે ચૈત્યવંદન, વર્તે પાંચમા દ્વારમાં;

પ્રણિપ્રાત[3] છઠ્ઠા દ્વારમાં, નમસ્કાર[4] સાતમા દ્વારમાં,

સોળસો સુડતાળીશ [5]વર્ણ કહ્યા આઠમા દ્વારમાં. (૨)

એકસોને એકયાસી પદો, જણાવ્યા નવમા દ્વારમાં,

સંપદાઓ સત્તાણું કહી, દશમાં જુદા એ દ્વારમાં;

પણ [6]દંડક અગીયારમે, ને બાર અધિકાર બારમે,

ચાર [7]વંદનીય તેરમે, સ્મરણીય[8] એક ચૌદમે. (૩)

ચાર પ્રકારે જિન પંદરમે, ચાર સ્તુતિ સોળમે,

નિમિત્ત આઠ સત્તરમે, ને બાર હેતુ અઢારમે;

આગાર સોળ ઓગણીશમે, દોષ ઓગણીશ વીશમે,

કાઉસ્સગ્ગ[9] માન એકવીશમે, ને [10]સ્તવન બાવીશમે. (૪)

વળી સાતવાર ચૈત્યવંદન, આવશે તેવીશમે,

આશાતના દશ ત્યાગવાની, આવશે ચોવીશમે;

ચોવીશ એ દ્વારો વડે મળી, સર્વે ચૈત્યવંદન તણા,

બે હજાર ચુમ્મોતેર ભેદો, થાય સ્થાનકો તણા (૫)

---

નિર્યુક્તિનું લક્ષણ—સૂત્રનો નય નિક્ષેપની યુક્તિપૂર્વક જે અર્થઃ પ્રાકૃતમાં છંદ પદ્ધતિથી ચૌદ પૂર્વધર મૂનિવરો રચે છે તે 'નિર્યુક્તિ' કહેવાય છે. જેમકે ભદ્રબાહુસ્વામી કૃત્ નિર્યુક્તિઓ.

સૂત્રનું લક્ષણ—તીર્થંકર ભગવંતોએ અર્થરૂપે જે વાણીદ્વારા પ્રરૂપ્યું હોય, તેને ગણુધર મુનિવરોએ છંદબદ્ધ અથવા ગદ્યબદ્ધ ગ્રંથરૂપે ગુથ્યું હોય, તે 'સૂત્ર' કહેવાય છે. અથવા સંપૂર્ણ ૧૦ પૂર્વથી ૧૪ પૂર્વ સુધીના જ્ઞાની મહર્ષિઓ તેમજ પ્રત્યેક બુદ્ધ મહર્ષિઓ જે ગ્રન્થ રચે, તે પણ સૂત્ર કહેવાય છે. જેમકે—શ્રી સુધર્માસ્વામી ગણુધર કૃત્ આચારાંગ આદિ. ॥૧॥

૧ પહેલા દ્વારમાં. ૨ બીજા દ્વારમાં. ૩ પંચાંગ ખમાસમણ. ૪ શ્લોક. ૫ ૧૬૪૭ અક્ષર. ૬ પાંચ દંડક. ૭ વાંદવા લાયક. ૮ સ્મરણ કરવા યોગ્ય. ૯ કાઉસ્સગ્ગનું પ્રમાણ. ૧૦ વીતરાગદેવનું સ્તવન.

# विश्वासो फल दायक.

ले. मुनि भद्रानंदविजयजी

हुक्म मिलने से बिचारा शीघ्रता से जंगल में गया तो क्या देखता है कि एक गाडी लकडीयों से लबालब भरी पडी है फिर क्या, देखते२ अपने काम पुरता बोझा बना लिया, इतने ही में एक आदमीने आकर उसे खूब उराया धमकाया और कहने लगा कि ऐ गधे, क्या तू इतना भी नही समझता जो तू श्मशान में मुर्दे को जलाने के लिये लाई हुई लकडियों तू ले रहा है, क्या तुझे ईश्वरने अक्ल नही दी? इस प्रकार अनेकानेक दुःशब्दों द्वारा उसे खूब हुतकारा, किन्तु उसे औंधे घडे पर पानी की तरह आपको कुछ भी ज्ञात नहीं हुआ निस्तब्ध ही खडे रहे, यह देख वहां पर ओर भी आदमी इकट्ठे हो गये और लगे धमकाने, चकित हुवे मूर्खराजने कहा हम साधू है हमे मूर्खराज को धूनी के लिये लकडीयों की जरुरत है एतदर्थ मैंने इस भरी गाडी देखकर २-४ लडकियां निकाल ली इसमें आपका क्या गया, इन शब्दोंने तो अग्नि में घी का काम किया, सब उपस्थितों को क्रोध सा आ गया ओर वे गालियें बकने लगे, अरे मूर्ख तुझे ईतना भो ज्ञान नही कि यह काष्ट मुर्देको जलाने के लिये है, मुर्दा इस नवीन शब्द को सुन मूर्खराज मनमें कहने लगे कि मुर्दा क्या है, और उसे जलाया जाता है यह भी तो एक भारी आश्चर्य है, फिर आप उपस्थितों से मुर्देका अर्थ पूछने लगे, भाई मुर्दा किसे कहते है, और वह कैसा जीव होता है, लोकोंने इस विचित्र प्रश्न को सुनकर खूब मश्करी की, किन्तु आपको क्या, इतने ही में एक बूढे आदमीने कहा, हे साधू मरे हुवे आदमी को मुर्दा कहते हैं उसमें जीव नही रहता है। अबतो मूर्खराज के हृदय में लालसा उत्पन्न हुई कि मनुष्य मरकर मुर्दा किस प्रकार बनता है यह अवश्य देखना चाहिए फिर आपने हाथ जोडकर उसी वृद्ध महानुभावसे प्रार्थना कि कि मुझे कृपा कर मुर्दा दिखाइये, देखे मुर्दा कैसा होता है, लोकोंने पागल समझ उसे जानने के लिये कहना सरु किया, किंतु आप तो वहां से टस से मस भी नहीं हुवे फिर उपस्थित वृद्धोंने उसकी लालचा भरी करुण मूर्ति को देख बिचार किया कि यदि इसे दिखा दिया जाय तो क्या हर्ज है, इसकी भी बिचारे की शांति हो जायगी, इस प्रकार सोच एक वृद्धने उससे कहा कि चल आ तुझे मुर्दा दिखाते हैं, आप हर्ष से उस वृद्ध के साथ हो लिये, जहां मुर्दा पडाथा वहां पर वृद्ध इन्हे लेगया, वहां का दृश्य बडा ही विचित्र था मुर्दे क्रो स्त्री पुरुषोंने चारों ओर से घेर रखाथा एवं छातियां पीटते हुए खूब रुदन कर रहे थे, आपतो एक टक मुर्दे को देखने लगे और कहने लगे कि यह तो सोया है, सोया है कहो तो अभी उठादूं इसे तो थकावट के मारे गहरीसी नींद आई है, मूर्खराजके इस प्रलापने वहां पर उपस्थित दुखियों को भी एक बार हंसा दिया, क्या मरा मुर्दा भी कहीं उठ सकता है किन्तु बीच ही में

त्रक बूढेने कहा कि भाई जो तूं उसको उठादें तो हम तुझे भारी इनाम देंगे, मूर्खराज मुर्दे के कान के पास जा बैठे और लगे अपने महा मंत्र 'भैसका सिंग लपोद्रका नाम' को सुनाने इस प्रकार आपको मंत्र सुनाते एक क्षण भी नहीं हुवा होगा कि मुर्दा हाथ पांव हिलाता हुआ उठ बैठा, यह देख सब ही आश्चर्य चकित हो गये, फिर क्या, "चमत्कार को नमस्कार" इस कहावत को चरितार्थ कर जो मूर्खराज को पागल समझताथा वही उन्हें महा सिद्ध पुरुष मानने लगा, जिधर देखो उधर ही से धन्य २ की ध्वनी निकलने लगी, चारों ओर से जनता पैरों पडने लगी, ढेरोंका ढेर सामान का लगने लगा, बिचारे मूर्खराज यह सब देखकर हक्काये से बन गये जब वे अपने निजीस्थान पर जाने लगे तो लोगोंका झुंड भी गहरी संख्या में सब सामान के हो लिया, सबी आपका जय २ कोर कर रहेथे इस प्रकार बडे आनंद और उत्साह के साथ अपने स्थानके निकट आये भीड भाड के साथ, इन्हें दूर से आते हुवे देखकर विद्वान गुरुभाईने सोचा कि मूर्खने कोइ गांव में बडा भारी उपद्रव किया है जिससे इतने आदमी इसे घेर कर ला रहे हैं, होते होते जब वे पास आये तो इसने (मूर्खराजने) गुरुभाई को प्रणाम किया और पास में बैठ गया सारी भीड भी आगई सामानी का ढेर देख कर विद्वान मनमें कहने लगा कि मेरे आनेका वृत्तांत गांव वालोंको मालूम हुवा हैं जिससे वे मेरे सम्मानार्थ को साहित्य आये हुवे हैं विद्याभी कैसी वस्तु है जो अपरिचित स्थान में मुझे भी पूजा रही है किन्तु उस कोरे विद्याभिमानी को यह क्या ज्ञान कि यह सब मूर्खराज का प्रताप है अस्तु। जब सब लोग यथा स्थान बैठ गये तो विद्वान ने शिक्षा पूर्ण उपदेशको आरंभ किया किन्तु वहां सुनता ही कौन था, जो देखो वही मूर्खराज की सेवा करने में अपने आपको धन्य मानता था, यह देख विद्वानने जनता से कहा कि यह तो मूर्ख है, इसकी सेवा में कोई लाभ नहीं आप क्यों वृथा श्रम कर रहे है तब लोकोंने कहा महाराज आपतो हमें बुद्धु ही दिखाई पडते है, जो ऐसे सिद्ध महात्माको मूर्ख कह रहे हैं अभी २ इन्होंने एक मुर्दे को जिलादिया है, इन शब्दों को सुनते ही विद्वानका अभिमान चूर २ हो गया, शिर चकराने लगा, एवं गुरु महाराज के प्रति अविश्वास होने लगा, वह कहने लगा गुरुराजने यद्यपि मुझे पढाया पर गुप्त विद्या नही दी, मुझ से कपट किया जो मुझे यह भेद नहीं बताया, बस अब वापस लौट कर गुरुराज के पास जाना चाहिए और कह कर नम्रता से यह विद्या ले लेनी चाहिए ऐसा विचार कर शीघ्रतासे सामान बांध बंधाकर रातोरात चलने लगे और प्रातःकाल होते ही गुरु द्वारमें पहुंच गये, गुरुराजने इन्हे एकाएक आया देख आश्चर्य से पूछा कि क्यों, कल ही गये और आज ही वापिस आगये, और मुख कमल को भी मुर्छा आये, क्या प्रकृति खराब हो गई, तब विद्वानने कहा कि महाराज आपने हमारे साथ कपट क्रिया का व्यवहार किया है इसीसे मुझे दुःख हो रहा है, इन उपालंभात्मक वाक्यो को सुनकर गुरु स्तंभित एवं चकित हो बोले,

भैया, तुमसे कपट, नतो यह मुझसे हो सकता है और न मैंने किया ही है, बतलातो सही मैंने तेरे साथ कौनसा कपट किया है, विद्वान शिष्य बोला, महाराज आपने मुझे तो कोरा किताबों की ही कीडा बना दिया, और इस मूर्ख को मरे को जिंदा करने की महत्वमयी विद्या दी, क्या यह कपट काव्य बाहर नहीं ? गुरु के स्पष्ट पूंछने पर सारा किस्सा सुना दिया, गुरु भी यह सुन आश्चर्य सागर में खोते खाने लगे, और उस मूर्खराज को निकट बुलाकर पूंछने लगे, उसने स्पष्ट और सत्य कहा कि महाराज आपने जो मंत्र बतलाया था उसी का यह प्रभाव है, गुरुराज और भी विशेष रुप से चकित हो कहने लगे मैंने तुझे कौन सा मंत्र दिया, भैया वह तो बतला। तब आप कहने लगे कि उसदिन जब की आप ठल्ले जा रहे थे उस समय आपने मूझे "भैस०—" यह मंत्र कही सिखाया था यह उसीका प्रताप हैं। यह सुन कर गुरुराज जोरों से हाकामार कर हंसने लगे और विद्वान शिष्य के प्रति कहने लगे, भैया तुमने मंत्र सुना, क्या यह भी कोई मंत्र है, परंतु इसके आत्मविश्वासने इसे महामंत्र बनादिया, देखो शास्त्र भी कहता है कि "विश्वासो फल दायकः" और भी कहा है कि "भावोहि विद्यते देवो तस्मात् भावो हि कारणम्" इसी कारण यह मंत्र सकल सिद्धि का प्रदाता बन गया, इसी कारण आप्त पुरुषोंने प्रथममें श्रद्धा कों ही महत्व दिया है, इस तरह मंत्र को जानने पर उस विद्वान शिष्य को भी संतोष हुवा और गुरु को भी आत्मविश्वासी शिष्य के मिलने की परम प्रसन्नता। ॐ शांति 'भावना भवनाशिनी।

## गुरु भक्ति पर दोहरे.

नीतिविजयसूरि प्रति, गुण गाउं चित लाय।
अक्षर अक्षर के प्रति, बहु गुण रहे समाय ॥१॥

नीतिः-नीति वशे गुरु में सदा, अनीति थी अति दूर।
त्रिकरण शुद्धि के लिये, दिव्य ज्ञान भरपूर ॥ २ ॥

विः-विद्याका कुछ भी नहीं, मनमें गर्व लगार।
पर उपगार में मग्न थे, दर्शन निर्मल धार ॥ ३ ॥

जः-जस कीर्ति गुरुराज की, सकल विश्व विख्यात।
शांत मुद्राथी आपकी, दर्शन दो साक्षात ॥ ४ ॥

यः-यत्न था तीर्थोद्धार में, रैवतादि मन आण।
अपूर्व दया थी आप में, शत्रु मित्र सम जाण ॥ ५ ॥

सूरिः-सूरि मंत्र को धारते, करते अजपा जाप।
ब्रह्मचर्य के तेज से, हुआ अखंड प्रताप ॥ ६ ॥

# Light of Religion.

Oh Godly spy why you ranaway far far
And very far from the religious Sages,
Left parent, happy joy, dances of love
And put only best big works.
Kindly teachers keeping for academy
Pupils strive for your knowledge-sway,
Listening your said word to word
Our throne empty without you.
Lamp without palace wind without body,
Edge without knife water without sea,
Salt without feast moon without night,
How shall we live without you in Sansar.
Love ! Love ! your kindly love peeping in my dream
Said to us Go and do my unfinished works;
You followed the Jain great men path,
Where when you are we see eye to eye.
your flame of light burning in my heart,
The acts of oil still remembering for ever;
The body changed into dust but name for ever,
How shall we fatch your heartily thoughts.
Lost ! Lost is lost, Lost for ever,
Mercy, silence, gentle speech learning from you,
How I climb to reach up your said thoughts;
Lost heartily but weare in darken earth.
Gold star moving on the sky field,
Seeing ambrosia rays just like your speech;
Where when I heard your lastly knell,
At that time the tears in my eyes.
Beatitude ! Beatitude ! you be a beatitude,
Where nothing born death and only for joys;
Let me see the true path of heaven,
Tears ! Tears ! the tears in my eyes.

**Shantikumar Manibhai Sheth.**

# આચાર્ય પદારોપણુ મહોત્સવો.

**અમદાવાદ.** ડેહલાના તથા લવારની પોળના ઉપાશ્રયના સંઘ તરફથી નિમંત્રણુ પત્રિકા કાઢી સંવત. ૧૯૯૯ ના ફાગણુ વદિ ૬ના દશ વાગતા આચાર્ય શ્રી વિજયહર્ષસૂરિજી મહારાજના વરદ હસ્તે તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદવિજયનીતિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પ્રશિષ્ય પં. માનવિજયજીગણિ, પં. ઉદયવિજયજીગણિ તથા પં. કલ્યાણુવિજયજીગણિને આચાર્યપદાર્પણુ કરવાની ક્રિયા શાક મારકીટ પાસેની શ્રી વીસાશ્રીમાળી ન્યાતની વાડીના ચોગાનમાં ભવ્ય મંડપ બાંધી ચતુર્વિધ સંઘ સમક્ષ કરાવવામાં આવી હતી. સરિયામ રસ્તાને અને સભામંડપને ધ્વજાઓથી શણુગારવામાં આવ્યો હતો. તેમજ મુનિગણુ તથા લોકોનો સમૂહ સારા પ્રમાણુમાં હતો.

શનિવારના શુભ દિનના લાભ ચોઘડીઆના પ્રારંભમાં નાણુ મંડાવી ક્રિયા કરાવવાનું આચાર્યશ્રીએ શરૂ કરી સવા કલાક સુધી ક્રિયા કરાવી શુભ મુહૂર્તે બરાબર સ્ટા. દશ ને દશ મીનીટે આચાર્યશ્રીએ પોતાના વરદ હસ્તે વાસક્ષેપ નાખ્યા બાદ ચતુર્વિધ સંઘે વાસક્ષેપ અને સોના રૂપાનાં ફુલ મિશ્રીત તાંદુલની વૃષ્ટિ કરી હતી. ક્રિયા સમાપ્તિના અંતે પૂજ્ય આચાર્યશ્રીએ શિષ્ય પ્રશિષ્યાદિના સમૂહ અને ચતુર્વિધ સંઘ સાથે નૂતન આચાર્યશ્રીઓને વંદન વિધિ કર્યા બાદ નવિન આચાર્યોએ પૂજ્ય આચાર્ય શ્રીવિજયહર્ષસૂરિજી મહારાજને ચતુર્વિધ સંઘ સાથે વંદન કર્યું હતું, ત્યાર બાદ ચતુર્વિધ સંઘના મોટા સમૂહ સાથે સમેતસીખરજીના જિનાલયે દર્શન કરી સૌ પોત પોતાના સ્થાને વિદાય થયા હતાં, ડેહલાના ઉપાશ્રય તરફથી શ્રીફળનીં પ્રભાવના કરવામાં આવી હતી.

આ મહોત્સવ નિમિત્તે લવારની પોળના ઉપાશ્રયે ફાગણુ વદિ ૬ થી અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ કરી દરરોજ જુદા જુદા ગૃહસ્થો તરફથી જુદા જુદા પ્રકારના ચુનંદા ગવૈયા રોકી રાગરાગણીથી પૂજાઓ ભણુાવવા સાથે સમવસરણુ અને ત્રિગડાની રચના કરી પરમાત્માઓમા અંગે આકર્ષક નવીન નવીન જાતની અંગરચનાઓ કરાવવા ઉપરાંત શેઠ મગનલાલ ઠાકરસી, શેઠ સાંકળચંદ નગીનદાસ અને શેઠ ચુનીલાલ ખુશાલદાસ વગેરે ત્રણુ ગૃહસ્થો તરફથી વદિ ૧૦ કુમ્ભ સ્થાપના અને નવ ગ્રહ તથા દશદિગ્પાલ પૂજન અને વદિ ૧૧ અષ્ટોતરી મહાપૂજા કરાવવામાં આવવા સાથે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

**વિદ્યાશાળા.** તરફથી આમંત્રણુ પત્રિકા કાઢી સંવત ૧૯૯૯ના ફાગણુ સુદિ ૩ અને સુદિ ૧૦ એમ બે દિને ટંકશાળમાં ભવ્ય મંડપ બંધાવી વયોવૃદ્ધ

આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે મહોપાધ્યાય શ્રી મનોહરવિજયજી. તપસ્વી પં. કર્પૂરવિજયજી અને પં. અમૃતવિજયજી આદિ મુનિવરોને ચતુર્વિધ સંઘની હાજરી વચ્ચે આચાર્ય પદાર્પણ નાણુ સન્મુખ ક્રિયા કરાવી કર્યું હતું જે સમયે જનસમૂહની સાધારણ મેદની હતી. તેમજ આ મહોત્સવ અંગે ફાગણ સુદિ ૩થી અમુક ગૃહસ્થ તરફથી અષ્ટાહ્નિકા ઉત્સવ અષ્ટોતરી સ્નાત્ર સહિત અને જુદા જુદા ગૃહસ્થો તરફથી પૂજાઓ ભણાવવા અને રચાવવાની નોંધાતી હોવાનું ચાલુ હોવાથી આ મહોત્સવ લગભગ એકાદ માસથી પણ વધુ ચાલવા સંભવ છે.

**दानसूरिज्ञानमंदिर.** તરફથી નિમંત્રણ પત્રિકા કાઢી સંવત ૧૯૯૯ના ફાગણ સુદિ ૩ના આચાર્યશ્રી પ્રેમસૂરિજી મહારાજના વરદહસ્તે મહોપાધ્યાય શ્રીજમ્બૂ-વિજયજી મહારાજને કાળુશીની પોળના ઉપાશ્રયે ચતુર્વિધ સંઘ સમક્ષ નાણુ મંડાવી આચાર્ય પદાર્પણુની ક્રિયા કરાવી હતી જે સમયે જનસમૂહની સાધારણ મેદની હતી તેમજ આ મહોત્સવ અંગે અષ્ટાહ્નિકા મહોત્સવ પણુ ઘણા જ ઠાઠમાઠથી કરવામાં આવ્યો હતો.

**જુનાગઢ.** અમદાવાદ ડેહલાના ઉપાશ્રયના અને જુનાગઢના સંઘ તરફની આમંત્રણ પત્રિકા કાઢી પં. રવિવિજયજી ગણિના હસ્તે પં. સુરેન્દ્રવિજયજીને ચતુર્વિધ સંઘ સમક્ષ આચાર્ય પદાર્પણ કરવાની વીધિ નંદી સન્મુખ કરાવી અમદાવાદથી આચાર્યશ્રી વિજયહર્ષસૂરિજી મહારાજ પાસેથી શ્રીડેહલાના આગેવાન કાર્યકર લાવેલ વાસક્ષેપ સં० ૧૯૯૯ ના ફાગણ વદિ ૬ના બીજા ચોઘડીયાના શુભ મુહૂર્તે નાખ્યા બાદ ચતુર્વિધ સંઘે વાસક્ષેપ મિશ્રીત તાંદૂલની વૃષ્ટિ કર્યા બાદ નૂતન આચાર્યને ચતુર્વિધ સંઘે વંદન વિધિ કર્યા બાદ મ્હોટા દેરાસરે દર્શન કરવા પધાર્યા હતાં. આ ઉત્સવમાં ડેહલાના ઉપાશ્રયના સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના કરવા સાથે ફાગણ વદિ ૬ થી મ્હોટા દેરાસરે અષ્ટાહ્નિકા મહોત્સવ કરી જુદા જુદા પ્રકારની પૂજાઓ રાગરાગણીથી ભણાવવા સાથે અંગ-રચનાઓ આકર્ષક કરાવવામાં આવી હતી. આ ઉત્સવમાં ભાગ લેવા અમદા-વાદથી પચીસેક ભક્તજનો જુનાગઢ ગયા હતા. "તંત્રી"

મુદ્રકઃ-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ.**
પ્રકાશકઃ-**ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ"** ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-**અમદાવાદ.**

## બ...હા....ર....ના...ગ્રા....હ....કો....ને વિ....ન....વ...ણી.

અમારા કદરદાન ગ્રાહકોનું પોસ્ટ ખર્ચ બચાવવા ખાતર આ વખતે સં. ૧૯૯૮ અને સં. ૧૯૯૯, એ બન્ને સાલના લવાજમનું ભેગું રૂા. ૬-૮-૦ (ભેટના પુસ્તકોના પોસ્ટેજ ખર્ચ સાથે) નું વી. પી. માગશર માસમાં મોકલવા શરૂ કરીશું; માટે જેમની ગ્રાહક રહેવાની ઈચ્છા ન હોય તેમણે તે પહેલા અમોને ખબર મોકલી આપવા, યા મનીઓડરથી બન્ને સાલનું લવાજમ મોકલી આપવા વ્યવસ્થા કરવી. "તંત્રી"

## વા...ચ...ક...ગ...ણ...ને......વિ...જ્ઞ...પ્તિ.

પરમ પૂજ્ય સદ્ગત તીર્થોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસને પોસ વદી ૩ ના વર્ષ પૂર્ણ થતું હોવાથી, અમારા તરફથી વિદ્વાન સાક્ષરોના રસિક લેખનોથી અને આચાર્યદેવના શિષ્યાદિ, મુનિ મંડળ, કાર્યો, અને અત્યંત પરિચીત ભક્તજનોના મોટી સંખ્યાના ફોટાઓથી ભરચક "જયંતિ અંક" બહાર પાડવાનો હોવાથી, તેની તૈયારી માટે ખૂબજ સમયની આવશ્યક્તા હોવાથી અમો અમારો કારતક, માગશર અને પોષનો ભેગો "જયંતિ અંક" અમારા કદરદાન ગ્રાહકોના ચરણે ધરીશું. "તંત્રી"


બહાર પડી ચૂકેલ છે

## શબ્દરત્નમહોદધિ શબ્દકોષ ભાગ ૨ જો

**સંગ્રાહક, પન્યાસજી શ્રીમુક્તિવિજયજી.**

સંસ્કૃત ભાષા સરળ રીતે બાળજીવો સમજી, દરેક જૈન અજૈન ગ્રંથોનું વાસ્તવિક અર્થ સ્વરૂપ સમજી શકે. તેવી પદ્ધતિએ જૈનાચાર્ય શ્રીવિજયનીતિ સુરીશ્વરજી મહારાજની કોષ બનાવી, તેનું પ્રકાશન કરાવી, જનતાને તેનો લાભ લેતા કરવાની મહેચ્છા હતી, તે બાર વર્ષની મહેનતે આજે પરિપૂર્ણ થવા પામેલ છે.

આવા અલભ્ય કોષના બે ભાગો, ક્રાઉન આઠ પેજી એકંદર ૧૮૦૦ પૃષ્ઠના, ગુરૂવર્યોના શોભિત ફોટાઓ અને પાકા પુંઠાં સાથે આ ગ્રંથના પહેલા ભાગના રૂા. ૮-૦-૦, અને બીજા ભાગના રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

પહેલો ભાગ મેળવનારાઓએ બીજો ભાગ સત્વર મંગાવી લેવાનું ધ્યાનમાં રાખવું.

બન્ને ભાગના એકીસાથે પાંચ સટ લેનારને પંદર ટકા કમીશન આપવામાં આવશે.

લખો.-**શ્રીવિજયનીતિસુરિજી જૈન લાયબ્રેરી**, ૫૬/૧ ગાંધીરોડ, **અમદાવાદ.**

બુકસેલર **મેઘજી હીરજી** ગોડીજીની ચાલ, પાયધુની-**મુંબઈ.**

## ગ્રા....હ....કો....ને વિ....ન....વ....ણી.

ગતાંકમાં સૂચવ્યા મુજબ માસિકના ગ્રાહકોને ક્રાઉન ૧૬ પેજી ૩૪૦ થી વધુ પાનાના છ પુસ્તકો ભેટ મોકલવાના શરૂ થયેલ છે. માટે સ્થાનિકે રૂા. અઢી, અને બહારગામવાળાએ રૂા. ત્રણુ લવાજમના શ્રાવણુ સુદિ ૧૫ સુધિમાં મોકલી મંગાવી લેવા ત્યારબાદ વી. પી. થી મોકલાશે.

૧ સપ્તતિશતસ્થાન પ્રકરણુ, ૨ વાકય પ્રકાશ, ૩ પ્રાકૃત લક્ષણુ, ૪ સજ્ઝાય સંગ્રહ, ૫ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ૧૨ મો સ્વર્ગારોહણુ મહોત્સવ. ૬ ચોવીસ જીન કલ્યાણુક ચૈત્યવંદન.

# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પ. શ્રી કલ્યાણુવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧–૮–૦. પોસ્ટેજ જુદું.

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૬૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

---

## બ....હા....ર....ના....ગ્રા....હ....કો....ને....વિ....ન....વ....ણી.

અમારા કદરદાન ગ્રાહકોનું પોસ્ટ ખર્ચ બચાવવા ખાતર આ વખતે સં. ૧૯૯૯ એ બન્ને સાલના લવાજમનું ભેગુ રૂા. ૬–૮–૦ (ભેટના નીચે બતાવેલ ક્રાઉન સોલ પેજી ૮૦૦ થી વધુ પાનાના, અને કસાયેલી કલમથી લખાયેલા આઠ પુસ્તકોના પોસ્ટેજ ખર્ચ સાથે) નું વી. પી. પોષ માસમાં મોકલવા શરૂ કરીશું, માટે જેમની ગ્રાહક રહેવાની ઈચ્છા ન હોય તેમણે તે પહેલા અમોને ખબર મોકલી આપવા, યા મનીઓરડરથી બન્ને સાલનું લવાજમ મોકલી આપવા વ્યવસ્થા કરવી.

૧ તીર્થોદ્ધારક સદ્ગત આચાર્યદેવ શ્રીમદ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજનું (સચિત્ર, પાકુ પુંઠું અને આકર્ષક જેકેટ સાથે) જીવન ચરિત્ર. ૨ **मूर्तिमिमांसा यानें प्रमोदप्रश्नोत्तरी.** ૩ સપ્તતિશત સ્થાન પ્રકરણુ, ૪ વાકય પ્રકાશ, ૫ પ્રાકૃત લક્ષણ, ૬ સજ્ઝાય સંગ્રહ, ૭ શ્રીમદ બુદ્ધિસાગરસૂરિ ૧૨ મો સ્વર્ગારોહણુ મહોત્સવ, ૮ ચોવીસ જીન કલ્યાણુક ચૈત્યવંદન.